# મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી

જિલ્લા સેવા સદન- ૩, બ્લોક નં.૧, ૧લો માળ, સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ

Email:- vo-tdd-raj@gujarat.gov.in ફોન નં. ૦૨૮૧-૨૪૭૮૩૭૫


નં.મક/આવિ/રાજ/પ્રિ.શિ/ડી.પોર્ટલ/૨૦૧૯-૨૦/ તા. ૦૪/૦૭/૨૦૧૯

તાત્કાલીક / સમયમર્યાદા

અનુ.જનજાતિ (ST)

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તા.જી.

વિષય. Digital Gujarat Portal પર પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ ગણવેશ સહાય યોજનાના અમલ બાબત (વર્ષ ૨૦૧૯-૨૦) (www.digitalgujarat.gov.in)

સંદર્ભ :(૧)કમિશ્નરશ્રી,આ.વિ.,ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક નં.આવિ/શિક્ષણ/ફા.નં. ૧૧૭૨/૨૦૧૯-૨૦/૩૨૫ થી ૩૪૯ તા.૩૦/૦૪/૨૦૧૯

(૨) અત્રેની કચેરીના પત્ર નં. નં.મક/આવિ/રાજ/પ્રિ.શિ/ડી.પોર્ટલ/૨૦૧૯-૨૦/૨૮૮થી ૨૯૮ તા. ૦૪/૦૫/૨૦૧૯

સવિનય ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૧૯-૨૦માં અનું.જનજાતિના ધો. ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા માટે પ્રાથમિક શાળાઓને ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન દરખાસ્ત તૈયાર કરી અત્રેની કચેરીને મોકલી આપવા માટે જણાવવામાં આવેલ. પરંતુ વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રાથમિક શાળાઓ શરૂ થઈ ગયાને ઘણો સમય વીતી ગયા બાદ આજદિન સુધી આપના જિલ્લા હસ્તકની ઘણી શાળાઓએ દરખાસ્ત તૈયાર કરી મોકલી આપેલ નથી. શિષ્યવૃતિની કામગીરી ઓગષ્ટ માસમાં પૂર્ણ કરવાની હોય જેથી સદર બાબતને ગંભીરતાથી લઈ શિષ્યવૃત્તિની દરખાસ્ત પોર્ટલ પર કરાવવાની કામગીરી સમયસર પુર્ણ થાય તે માટે કાળજી લેવી. અનું.જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સમયસર ચુકવી શકાય તે માટે આપના જિલ્લામાં આવેલ શાળાઓને સુચના આપવી તથા તે અંગેની જાણ અત્રેની કચેરીને કરવી.

મદદનીશ કમિશ્નર, વર્ગ-૧
આદિજાતિ વિકાસ, રાજકોટ

ક્રમાંક:યોજના/શિષ્યવૃત્તિ/૨૦૧૯/૨૨૯
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા.૦૬/૦૭/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner